


સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૧૮, સળંગ અંક : ૯૩૪, તારીખ : ૨૫-૦૯-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ
(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬
R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 25/09/2017, RMS G'nagar, Valid up to 31/12/19

### પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે સરદાર સરોવર નર્મદા યોજના રાષ્ટ્રને અર્પણ

## ઐતિહાસિક સરદાર સરોવર (નર્મદા) બંધ પરથી મા નર્મદાનું વિધિવત પૂજન કરીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોજના રાષ્ટ્રને અર્પણ કરી...

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ધરતી પર સાકાર થયેલી આંતરરાજ્ય - બહુહેતુક - ઐતિહાસિક સરદાર સરોવર નર્મદા યોજના રાષ્ટ્રને અર્પણ કરી હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા જિલ્લામાં કેવડીયા નજીક ૧૪૪.૫૦ મીટર ઉંચા-વિશાળ સરદાર સરોવર નર્મદા બંધ પરથી નર્મદાષ્ટકમ અને પુરુષાસુકતના ગાન સાથે સરદાર સરોવરમાં હિલોળા લેતાં મા નર્મદાના નીરને ફુલડે વધાવી, શ્રીફળ - ચૂંદડી પધરાવી નર્મદા પૂજન કર્યું હતું. રાષ્ટ્રમાં સુખ, શાંતિ, સદ્ભાવ, સમૃદ્ધિ અને સ્વચ્છતાના સંકલ્પ સાથે નર્મદા પૂજન કરીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સરોવર નર્મદા યોજના રાષ્ટ્રને અર્પણ કરી હતી.



**કેન્દ્રીય જળ સંશાધન મંત્રી શ્રી નીતિન ગડકરી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો પણ પૂજનમાં જોડાઈને ઐતિહાસિક ઘડીના સાક્ષી બન્યા...**

ભારતના સિંચાઈ મંત્રીશ્રી નીતિન ગડકરી, ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી ઓ.પી. કોહલી નાયબ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તકતીનું અનાવરણ પણ કર્યું હતું.

ગુજરાતના પનોતાપુત્ર અને ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ પણ હતો. સરદાર સરોવર નર્મદા બંધ પર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું આગમન થતાં જ નર્મદા, ભરૂચ, રાજપીપળા પાઠશાળાના ૧૦૧ ૠષિકુમારોએ નર્મદાષ્ટકનું સામૂહિક ગાન કરીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકાર્યા હતા. મહાનુભાવોએ પ્રધાનમંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. નર્મદા મુખ્યબંધની 'એ ફ્રેમ' તરફથી બાજુએથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ડેમ પર આવ્યા હતા, જ્યાં સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ના અધ્યક્ષશ્રી એસ.એસ. રાઠોરે તેમને યોજનાની છેલ્લામાં છેલ્લી સ્થિતિ વિશે ટૂંકમાં માહિતી આપી હતી.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ભાલે કુમકુમ તિલક કરીને તિલકવાડાના વિરંચીપ્રસાદ શાસ્ત્રીજીએ શાસ્ત્રોક્તવિધિનો આરંભ કરાવ્યો હતો. મા નર્મદાની આરાધના કરતા નર્મદાષ્ટકમના સતત ગાન વચ્ચે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રીફળ - ચુંદડી પધરાવીને મા નર્મદાના ઓવારણા લીધા હતા. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ દીવાઓથી ભાવપૂર્વક માં નર્મદાની આરતી ઉતારી ત્યારે

અનુ. પાના ૫ પર

### ટૂંક સમયમાં વધુ ૬૦૦ કર્મચારીઓની ભરતી સાથે

## જમીન રી-સરવેની કામગીરી પૂરજોશમાં, નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરાશેઃ મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા



જમીનનાં રી-સરવેની ચાલી રહેલી કામગીરીને વધુ ઝડપભેર બનાવવા રાજ્ય સરકારે વધુ ૬૦૦ કર્મચારીઓની ટૂંક સમયમાં જ ભરતી કરીને તમામ જિલ્લાઓમાં સુધારા અરજીઓ પ્રમોલગેશન પહેલાં કે પછીની બાબતમાં નિયત સમયમર્યાદામાં ખેડૂતોના હિતમાં અને ખેડૂતોને સંતોષ થાય તે રીતે નિકાલ કરવાની જે તે જિલ્લા વહીવટી તંત્રને તાકિદ કરી છે, તેમ મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે ભારતીય કિસાન સંઘના પ્રતિનિધિઓ સાથે યોજાયેલ બેઠક દરમિયાન જણાવ્યું હતું. ખેડૂતોને

**● ભારતીય કિસાન સંઘ સાથે મહેસૂલ વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ તથા મહેસૂલ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલી ફળદાયી બેઠક**

**● ભારતીય કિસાન સંઘની રજૂઆત સંદર્ભે રાજ્ય સરકારનો હકારાત્મક અભિગમ....**

સ્પર્શતા પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલા પ્રયાસો અને નિર્ણયો સંબંધે ભારતીય કિસાન સંઘ સાથે આજે યોજાયેલ બેઠકમાં શ્રી ચુડાસમાએ જણઆવ્યું હતું કે. તા. ૧-૭-૨૦૧૭ની કુલ ૧,૫૪,૧૭૫ વાંધા અને નવી કુલ ૨,૧૪,૮૩૧ અરજીઓ પૈકી ૧૪૫૫૬૬ અરજીઓનો નિકાલ થઈ ગયો છે. ટુકડા એક્ટમાં તા. ૧૦-૬-૨૦૧૩ના પરિપત્ર પહેલાંના જે તે સ્થિતિમાં રહેલ કેસો અંગે શહેરી વિસ્તારની ખેતીની જમીનમાં ૨૫ ટકા પ્રિમિયમ વગર જૂની શરત કરવા તથા નવા સ્માર્ટકાર્ડ ખેડૂતોને આપવા અંગેની ભારતીય કિસાન સંઘની રજૂઆતના સંદર્ભમાં આ અંગે નાણાં વિભાગ સાથે ચર્ચા કરીને યોગ્ય ઉકેલની દિશામાં વિચારણા કરાશે.

ભારતીય કિસાન સંઘના ગુજરાત પ્રદેશના હોદ્દેદારો શ્રી જીવણભાઈ પટેલ (જીવણદાદા), પ્રદેશ પ્રમુખશ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા, રા.કાર્યસભ્યશ્રી મગનભાઈ પટેલ મંત્રીશ્રી બાબુભાઈ પટેલ તથા

અનુ. પાના ૫ પર

# ચીનનો 'પડકાર' અને આપણું કર્તવ્ય

● સ્વદેશી જાગરણમંચ : સતીશકુમાર ● ગુજરાતી અનુવાદ : ડૉ. દીપક ભાનુશંકર ભટ્ટ

**ચીનની તાકાત અને નબળાઈ**

અમને અનેક લોકો પૂછે છે કે ચીનનો સામાન આટલો સસ્તો કેમ હોય છે ને આપણો મોંઘો કેમ હોય છે ? તો જૂઓ, ચીનમાં લોકશાહી નથી, ત્યાં કોઈપણ કાયદો એક દિવસે સાંજે કેબિનેટમાંને બીજા દિવસે સાંજે કેબિનેટમાંને બીજા દિવસે પાર્લિયામેન્ટમાં પાસ થઈ જાય છે, લાગુય પડી જાય છે. ભારતમાં નોટબંધી, જી.એસ.ટી. બિલ કે કોઈ અન્ય નિયમ - નિયુક્તિ, રાજકિય પ્રશ્નો (વિશેષત : વિપક્ષ) વિષયને વધવા નથી દેતા. (લોકશાહીના ઘણાં ફાયદા તો થોડું નુકસાન પણ છે.) બીજુ ચીને ખેડૂતો પાસેથી બહુ જ સસ્તામાં જમીન છીનવી લઈને ઉદ્યોગોને સસ્તા ૪.૪૫ ટકાના દરે બેંક લોન ઉપલબ્ધ કરાવી દીધી. સબસીડીવાળી સસ્તી વીજળી આપી. મજૂરી તો ભારત કરતાંય ત્યાં સસ્તી હતી જ, હવે એ મોંઘી થવા લાગી છે. ચીનને પર્યાવરણની કોઈ ચિંતા નથી. ઉત્પાદનોની કિંમતોને ઓછી રાખવા માટે એણે દરેક પ્રકારની (હાનિકારક) પદ્ધતિઓ અપનાવી છે. આજે વિશ્વ પ્રદૂષણમાં ૨૪ ટકા ભાગ માત્ર ચીનનો છે રમકડાઓમાં પણ તેણે ઝેરી પદાર્થો અને ગંધની પરવા નથી કરી. અને વધુ માત્રામાં (Inbulk) ઉત્પાદન કરે છે. જેથી કીંમત સસ્તી થઈ જાય છે. ભ્રષ્ટાચારમાં તો એ બધા જ મુખ્ય દેશો (ભારત સહિત)માં ચીન વધારે ખબર સ્થિતિમાં છે. ચીને આઈપીઆરમાં કે કોઈપણ વિષયમાં કોઈ મૂલ્ય (Ethics) નથી રાખ્યાં. એણે Economics ના મૂલ સિદ્ધાંતોનું ય પાલન નથી કર્યું. એણે 'પાડોશીના ટાંગા ભાંગી નાંખો, એણ કરવામાં ભલે મારો હાથ ભાંગે' એ કહેવતને ચરિતાર્થ કરી વિશ્વ બજાર પર ૨૩ ટકા ગકબજો કરી લીધો છે. પણ હવે આ બધાની હદ આવી ગઈ છે. હવે એની નિકાસ મોંઘી હોવાને કારણએ ઘટી રહી છે. ચીનનો વિકાસ દર જે ૧૦.૫ ટકા હતો તે ઘટીને ૬ ટકાથીય ઓછો થઈ ગયો છે. ત્યાં પણ નોકરીઓ છુટી રહી છે. હડતાલ પ્રદર્શન સામાન્ય વાત છે. ભ્રષ્ટાચાર બહુ જ વધી ગયો છે.

**એક નવું યુદ્ધ / વેપાર યુદ્ધ**

બીજા વિશ્વયુદ્ધના છેલ્લા ચરણમાં જાપાન પર વરસાવેલા અણુબોમ્બ પછી દુનિયામાં યુદ્ધ માટેનો વિચાર બદલાયો છે. છેલ્લા ૭૦-૭૨ વર્ષોમાં કોઈ પણ બે પરમાણુ શસ્ત્ર ધરાવતા દેશો વચ્ચે ખૂલ્લુ યુદ્ધ થયુ થી, થવાની સંભાવનાય ઘણી ઓછી છે કારણ કે આ યુદ્ધમાં કોઈ જીતી નથી શકતું માત્ર બંને તરફ મહાવિનાશ જ થશે. વાસ્તવમાં પરમાણું શસ્ત્રોએ એકબીજાની વિરુદ્ધ જ સાચી રીતે યુદ્ધ રોધક ક્ષમતા ઊભી કરી લીધી છે. અમેરિકા - રશિયા ૪૫-૫૦ વર્ષો સુધી શીત યુદ્ધમાં ડિપ્લોમસીમાં રહ્યાં, ચીન - જાપનનાય એ જ હાલ છે. ત્યાં સુધી કે અણેરિકા ઉત્તર કોરિયા પર પણ એ જ ભયથી હુમલો નથી કરતું (જો કે ઈરાક, અફઘાનિસ્તાન તથા હવે સિરીયામાં કર્યો કેમકે તે પરમાણુ શસ્ત્ર વગરના છે.)

તો હવે યુદ્ધનો દષ્ટિકોણ બદલાઈ ગયો છે. હવે જે યુદ્ધ છે તે છે વેપાર યુદ્ધ (Tradewar, war of economics) ચીન સાથે આપણે જે યુદ્ધમાં સન ૨૦૦૦ (લગભગ) થી પડ્યા છીએ તે પણ વેપાર યુદ્ધ છે. સન ૨૦૦૦માં આપણો ચીનનો વેપાર માત્ર ૨.૬ બિલિયન ડૉલરનો હતો, જે ૨૦૧૩-૧૪માં ૭૫.૫ બિયિન સુધી પહોંચી ગયો. જે હવે લગભગ ૭૦ બિલિયન (વાર્ષિક)નો છે. જો આપણે આ યુદ્ધ (Trade - war) ની સમગ્રતાને સારી રીતે સમજી લઈએ તો એમાં વિજયી થવા માટેનો રસ્તો નિકળી આવશે. આ યુદ્ધની સેનાના ૫ મુખ્ય અંગ હશે. (૧) સરકાર (૨) નીતિ નિર્ધારણ સંસ્થા (૩) ઉદ્યોગ જગત (૪) અન્વેષક (૫) ઉભોક્તા અર્થાત્ સામાન્ય જનતા.

**આ પાંચેયનો કર્તવ્યબોધ કરાવવો**

ચીનની નીતિ, દાનત, નજર (વિચારધારા) ને સમગ્રતાથી સમજવાનું જ આપણાં અભિયાનનું કેન્દ્ર હશે. એના માટે એક પ્રબળ જન જાગરણની જરૂરીયાત છે. સામાન્ય લોકો (ગ્રાહકો) ચાયનીઝ માલનો સસ્તો હોવા છતાં બહિષ્કાર કરે. વિજ્ઞાન અને અર્થશાસ્ત્રના સંશોધકો Reasearchers નવી નવી ટેકનિકોનો આવિષ્કાર કરે, અનુબંધન કરે જનાથી ભારતીય માલની ગુણવત્તા અને માંગનું સારી પૂર્ણ થાય. ઉદ્યોગજગત કેવી રીતે આપણા માલની કિંમત સસ્તી થાય સ્પર્ધાત્મક Competetive થાય એ વિચારે. નીતિ નિયામક ચીનનો પૂરો અભ્યાસ કરતી વખતે ભારતની Manufactureing અને Trdepolicy માં શું આવશ્યક ફેરફાર કરવાના છે એ નક્કી કરીએ અને સરકાર પાસે Anti - dumping duty, safty clause સાથે સસ્તા પરંતુ હલકા ચીનીમાલ / કંપનીઓ / સેવાઓને ભારતમાં આવતા કેવી રીતે રોકવામાં આવે એનો નિર્ણય કરાવીએ.

**આશાનું કિરણ**

ભારતમાં એક લોકજૂવાળ છેલ્લી દિવાળીએ પણ ઉઠ્યો હતો. ચીની વસ્તુઓની ખરીદી ઘણી ઓછી થઈ છે. આ અભિયાન આગળ પણ ચાલુ જ રાખવું છે. હું હમણાં પાણીપત ગયો હતો ત્યાંના લોકોએ કહ્યું કે મિંક કમ્બલ ઈન્ડસ્ટ્રીઝ ફરીથી ચાલુ થઈ ગઈ છે. ઉડીની ચાદરો હવે પાણીપતમાં બનવા માંડી છે. હવે ભારતનો માલ સસ્તો અને ચીનનો મોંઘો થઈ રહ્યો છે. શિવાકાશીની ફટાકડા ઈન્ડસ્ટ્રીઝે પણ ફરી ગતિ પકડી છે. ચીની સ્ટીલ પર ૧૮ ટકાની એન્ટી ડમ્પીંગ ડ્યુટી લાગવાથી મંડી, ગોવિન્દ ગઢ પંજાબ સહિત ભારતની સ્ટીલ મીલો એ ગતિ પકડી લીધી છે. ચીનના પ્લાસ્ટિકના માલ પર પણ છેલ્લા કેટલાક દિવસોમાં પ્રતિબંધ લાગી ગયો છે. એટલા માટે આપણે જોવાનું છે કે આપણે આપણા દેશની સુરક્ષા માટે, ટ્રેડ બેલેન્સને ઠીક કરવા માટે, રોજગારીની તકો ઉભી કરવા માટે ચાઈનીઝ વસ્તુઓનો બહિષ્કારનું એક લાંબુ અને નિરંતર ચાલતુ અભિયાન ચલાવવું પડશે. સસ્તી વસ્તુને કારણે સામાન્યજન આ ચીની વસ્તુઓ ખરીદતો હતો. પણ હવે આપણે બધા ભારતીયો અ મળીને જે આંદોલન ચલાવ્યું અને ચીની સામાનનો બહિષ્કાર કર્યો. આ અભિયાનને હજી વધારે આગળ વધારવુ પડશે. ભારતની સુરક્ષા માટે ભારતના રોજગારોમાં વૃદ્ધિ માટે, ભારતના ઉત્પાદન ક્ષેત્રના વિકાસ માટે અને બધુ મળીને બારતને દુનિયાનો એક સર્વ શક્તિશાળી દેશ બનાવવા માટે આ પ્રકારના એક મોટા અભિયાનને બધાએ સાથે મળીને, એક થઈને ચાલવવું પડશે. આ રાષ્ટ્રીય અભિયાનમાં આપણે બધા તન, મનથી જોડાઈએ, એ જ અપેક્ષા છે.

ભારત માતા કી જય. ક્રમશઃ

# એક ભારત શ્રેષ્ઠ ભારતની વિભાવનાનું અવિસ્મરણીય પ્રકલ્પ જ્યાં આકાર લઈ રહ્યું છે તે નર્મદા તટના સાધુ બેટ સ્થિતિ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની મુલાકાત લેતા પ્રધાનમંત્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમના જન્મદિવસે એટલે કે તા. ૧૭મી સપ્ટેમ્બરે સરદાર સરોવર પ્રોજેક્ટના રાષ્ટ્રાર્પણ માટે નર્મદા જિલ્લાના કેવડીયા ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં સરદાર સરોવર પ્રોજેક્ટ રાષ્ટ્રાર્પણ કર્યા બાદ નર્મદા નદીના પટમાં સાધુ બેટ ઉપર આકાર લઈ રહેયા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારકના ચાલી રહેલા નિર્માણકાર્યની પણ જાત મુલાકાત લીધી હતી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ની મુલાકાત વેળા તેમની સાથે કેન્દ્રીય મંત્રીશ્રી નીતિનભાઈ ગડકરી, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સહિત સરદાર સરોવર નિગમ લીમીટેડના ચેરમેનશ્રી એસ.એસ. રાઠોર ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીશ્રીએ અહીં તબક્કાવાર થઈ રહેલા નિર્માણકાર્યની સૂક્ષ્માતિસૂક્ષ્મ જાણકારી મેળવી, ઉપયોગી સૂચનો કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સરદાર સરોવર પ્રોજેક્ટ એ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્વપ્ન હતું. જેની પૂર્ણતા બાદ સરદાર સાહેબના વિરાટ વ્યક્તિત્વને ઉજાગર કરતા, તથા દેશની એકતા અને દેશની શ્રેષ્ઠતાનું સૌથી ઉંચુ સ્મારક રચી તેમને સાચી હૃદયાંજલી અર્પવાના શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને પૂર્ણ કરવા માટે દેશ અને દુનિયાનું સમર્થન, સહયોગ અને માર્ગદર્શન મળી રહ્યું છે.

ભારતની એકતા માટે પોતાનું આખુ આયખું સમર્પિત કરનારા સરદાર સાહેબની આ પ્રતિમાના માધ્યમથી એક ભારત - શ્રેષ્ઠ ભારતના સંકલ્પ સૂત્ર સાથે દુનિયામાં ભારતનો વૈશ્વિક પ્રભાવ ઊભો થશે. ભારતને સર્વશ્રેષ્ઠ બનાવવા માટે એકતાની શક્તિથી જોડવાનું આ આખુ અભિયાન છે જે આવનારા દિવસોમાં ભારતને વિશ્વગુરુ બનાવવાનો નવો માર્ગ કંડારશે.

'સ્ટેચ્યુ ઑફ યુનિટી' પ્રોજેક્ટ અંતર્ગત નર્મદા તટ પ્રદેશમાં અંદાજીત રૂા. ૧૭૬ કરોડના ખર્ચે શ્રેષ્ઠ ભારત ભવનનું પણ નિર્માણકાર્ય પણ ચાલી રહ્યું છે. આ ભવન



માત્ર ઈંટ પથ્થરની ઈમારત નહીં, પરંતુ સરદાર સાહેબના જીવનકવનની મલ્ટી મિડિયા ઝાંખી, આઝાદીની લડતના ઐતિહાસિક પૃષ્ઠો, અભ્યાસ અને સંશોધન કેન્દ્ર તથા રોજગારી નિર્માણ જેવી બહુવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું કેન્દ્ર બની રહે તેવા પણ રાજ્ય સરકારના પ્રયાસો છે. શ્રેષ્ઠ ભારત ભવનનો શીલાન્યાસ તત્કાલિન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે તા. ૩૧ મી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ કરાયો હતો.

સરદાર સરોવર ડેમના હેઠવાસમાં નર્મદા નદીની વચ્ચોવચ્ચ આવેલા સાધુ બેટ ખાતે આકાર લેનાર 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા હશે. ૧૮૨ (૫૯૭) ફૂટ મીટરની સરદાર સાહેબની આ પ્રતિમા તેના પાયા સાથે ૨૪૦ મીટરની (૭૯૦ ફૂટ) ઊંચાઈ પ્રાપ્ત થશે. સરદાર સરોવર ડેમના હેઠવાલમાં નદીની વચ્ચો વચ્ચ ડેમની બિલકુલ સામે ૩.૨ કિલોમીટર દૂર આવેલા સાધુ બેટ ઉપર તૈયઆર થઈ રહેલી આ વિરાટકાય પ્રતિમા સહિતનું આખુ સ્ટ્રક્ચર ૨૦ હજાર ચોરસ મીટર વિસ્તારમાં તૈયાર થઈ રહ્યું છે. ડેમ સાઈટથી અંદાજી ૧૨ કિલોમીટરના નદીના પટમાં તૈયાર થઈ રહેલો આ આખો પ્રોજેક્ટ સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ દ્વારા રાજ્ય સરકારના સહયોગથી હાથ ધરાયો છે.

જેની પ્રારંભિક અંદાજિત કિંમત રૂા. ૨,૯૮૯ કરોડ આંકવામાં આવી છે. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિરાટ પ્રતિમાનો શિલાન્યાસ શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળતા હતા ત્યારે, એટલે કે ગત તા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૩ના કરાયો હતો. જેનું કન્સ્ટ્રકશન વર્ક લાર્સન એન્ડ ટુબ્રો દ્વારા તા. ૩૧મી ઓક્ટોબર ૨૦૧૪ થી શરૂ કરી દેવામાં આવ્યું છે. જે આગામી તા. ૩૧મી ઓક્ટોબર ૨૦૧૮ સુધી સંપન્ન થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

શ્રેષ્ઠ ભારત એક ભારતની વિભાવના સાથે પૂણ્યસલિલા માં નર્મદા મૈયાના આશીર્વાદ સાથે કેવડિયા ખાતે, નર્મદા તટે આકાર લઈ રહેલા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક, અને સરદાર સાહેબના જીવનમાંથી દેશને હંમેશા શાશ્વત પ્રેરણા મળતી રહે, તેવુ અવિસ્મરણિય પ્રકલ્પ અહીં આકાર લઈ રહ્યું છે.

# વસુંધરાની વનસ્પતિઓ

અશોક શેઠ (ભાગ-૨)

आयुर्वेदाय अमृतानाम्

## ખરખોડી (ચશ્મા ઉતારનાર)

**વિવિધ નામો :**

સંસ્કૃત : —
અંગ્રેજી : Leptandane
હિન્દી : पित्तपापडा, शाहतारा
લેટિન : Leptadenia Reticulata



**ઉત્પત્તિ સ્થાન :**

ખરખોડી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ભારત, પંજાબ અને દક્ષિણ ભારતમાં વિશેષ થાય છે. તે જંગલોમાં, વાડોમાં વેલારૂપ થાય છે.

**પરિચય :**

ગળોના વર્ગની અને આકડાના કુળની ચોમાસામાં થનારી, ઝાડ પર ચઢનારી, પાનવાળી અને અનેક શાખાવાળી આ લતા વર્ગની વનસ્પતિ છે. તેની નવી ડાળીનો ભાગ શ્વેતાભ, મૃદુ રૂવાંટીદાર હોય છે. જૂની શાખા જરા ફૂલેલી અને આંગળીથી માંડી કાંડા જેવડી જાડી, અનેક સ્થળે ફાટેલી હોય છે. તેના પાન ઈંડાકાર, સરળ ધાટનાં, શ્વેતાભ લીલાં, ૧ થી ૪ ઈંચ લાંબા, ૧-૨ ઈંચ પહોળાં, ઉપરથી ચીકણાં, નીચે લીલાં, રૂવાંટીદાર, આગળથી અણીદાર અને ઉગ્ર ગંધના હોય છે. તેની પર પાનના મૂળમાંથી નાના ગુચ્છામાં ભૂરા - સફેદ કે પીળાશ પડતા લીલા રંગનાં ફૂલ આવે છે. ફળ (ડોડી) એકલી, શીંગડી, જેવી, આગળથી જાડીને જરા વાંકી, ૨-૫ ઈંચ લાંબી, અર્ધા ઈંચ જાડી, સરસ, સખત, ચીકણી હોય છે. ફળમાંથી રેશમ જેવું રૂ નીકળે છે. તેનું બીજ અર્ધો ઈંચ લાંબુ, સાંકડુંને ચાકડાના બી જેવું થાય છે. તેનાં મૂળ જૂના થતાં જાડાં, અનેક શાખાવાળા હોય છે. તેમાં ઉપયોગી અંગ મૂલ, પાન, પંચાંગ છે. તેના પાનની ભાજી થાય છે. ઢોર તેનાં પાન ખૂબ ખાય છે.

**ગુણધર્મો :**

ખરખોડી (ડોડી) હળવી, મધુર, શીતવીર્ય, સ્નિગ્ધ, વિપાકી, ત્રિદોષ (ખાસ કરી વાત - પિત્ત) શામક, સ્નેહવર્ધક, વાયુની સવળી ગતિ કરનાર, ગ્રાહી (મળ બાંધનાર), હૃદય માટે હિતકર, દાહ શાંતકર, વીર્યવર્ધક, વાલ્ય, રસાયન, મૂત્ર સાફ લાવનાર, દૃષ્ટિશક્તિવર્ધક, રક્તપિત્તશામક, કફ બહાર કાઢનાર, તથા તાવ કોઠાની લૂખાશ, ગ્રહણી, હૃદયની નબળાઈ, ખાંસી, શુક્રમેહ, મૂત્ર કૃચ્છ, મૂત્રદાહ, પૂયમેહ, ક્ષય, સોજા, ટી.બી., રતાંધતા અને વ્રણ (જખમ) મટાડે છે.

**ઔષદિ-પ્રયોગ :**

(૧) તાવનો દાહ : મૂળ કાઢામાં ઘી નાંખી પીવો. (૨) રતાંધતા : ડોડીનાં પાનની ભાજી ઘીમાં પકવીને રોજ ખાવી. (૩) ઝાડા : પાનની ભાજીમાં દહીં, દાડમનો રસ તથા ઘી નાંખી ખાવી (૪) ધાતુપૃષ્ટિ તથા ધાવણવૃદ્ધિ માટે : ડોડીના પાનનું ચૂર્ણ દૂધમાં રોજ લેવું. (૫)



યોનિકંદ (ગાંઠ) : ડોડીનાં મૂળનો લેપ રોજ કરવો. (૬) શુક્રમેહ - વીર્ય સાવ : મૂળના ચૂર્ણમાં સમભાગે મોચરસ ચૂર્ણ મેળવી ૪ થી ૬ ગ્રામ દવા સાકર સાથે ફાકી ઉપર દૂધ પીવું.

**માત્રા :**

ખરખોડીનો પાઉડર ૧ થી ૧ાા ચમચી દૂધ સાથે સવારે - રાત્રે.

**પ્રસિદ્ધ ઔષધો :**

જીવંત્યાદિઘૃત, જીવંત્યાદિ ઘનવટી, લેપ્ટાડેન ટેબલેટ.

**રાસાયણિક ઘટકો :**

ડોડીનાં મૂળમાં ઘણા જ પ્રમાણમાં સ્ટેરોલ પ્રાપ્ત થાય છે.

# મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનના અધિનિયમ, ૧૯૪૮, ગણોતધારા અંતર્ગત ખરીદ કિંમત ભરવાની મુદ્દતમાં કરાયેલો વધારો

મુંબઈ ગણઓત વહીવટ અને ખેતીની જમીનના અધિનિયમ, ૧૯૪૮ અંતર્ગત ગણોતધારાની કલમ-૩૨ એમ હેઠળ ખરીદ કિંમત ભરવાની મુદ્દત તા. ૩૧-૮-૨૦૧૭ થી લંબાવીને તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધી લંબાવવાનો મહેસૂલ વિભાગે નિર્ણય કર્યો હોવાનું મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

મુંબઈ ગણઓત વહીવટ અને ખેતીની જમીનના અધિનિયમ, ૧૯૪૮માં તા. ૨૫-૭-૨૦૧૧ના જાહેરનામાથી કાયદામાં સુધારો કરી ગણોત ધારાની કલમ-૩૨ એમ હેઠળ ખરીદ કિંમત બરવા બાબતે વખતો વખત નક્કી કરે તે તારીખ સુધીમાં ભરી શકાશે. તેમ નક્કી થયેલ છે. તે અન્વયે વખતો વખત કબજા હક્કની રકમ ભરવાની મુદ્દત વધારી આપેલ છે. અગાઉ તા. ૨૫-૧૦-૨૦૧૬ના જાહેરનામાંથી તા. ૩૧-૮-૨૦૧૭ સુધીમાં ખરીદ કિંમત ભરવા મુદ્દત લંબાઈ આપી હતી. તે મુજબ ગણોતિયા દ્વારા ભરવાની કિંમતની મુદ્દત તા. ૩૧-૮-૨૦૧૭ના રોજ પુરી થતી હતી. પરંતુ આ મુદ્દત દરમ્યાન અનેક જિલ્લાઓના કેસ પડતર હોવાથી રાજય સરકારે હકારાત્મક અભિગમ દાખવીને આ મુદ્દતમાં વધારો કરવાનો નિર્ણય કરેલ છે. હજુ પણ જુદા જુદા જિલ્લાઓમાં આશરે ૪૭૮૯ કેસો પડતર છે. જેમાં મુખ્યત્વે વલસાડ જિલ્લામાં ૨૫૦૦ કેસો અને વડોદરા જિલ્લામાં ૧૬૫૨ કેસો પડતર છે. તા. ૩૧-૮-૨૦૧૭ સુધી લંબાવેલી ખરીદ કિંમત ભરવાની મુદતોથી અજાણ ગરીબ અભણ ગણોતિયાઓને કબજા પરત્વે દ્વિધાનો અંત લાવવા રાજય સરકારે હકારાત્મક વિચારણા કરીને આ મુદ્દત વધુ ચાર માસ એટલે કે, તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધી લંબાવવા નિર્ણય કરેલ છે. જે અંગેનું જાહેરનામું મહેસૂલ વિભાગ દ્વારા અલગથી બહાર પાડીને સર્વે કલેક્ટરસ્રીઓને પણ આ બાબતે સૂચનાઓ પાઠવવામાં આવનાર છે.

## ગ્રાહક મિત્રો

આપનું લવાજમ આપે ગત વર્ષે ગાંધીનગર ખાતે યોજાયેલ **'૦ બજેટ સજીવ ખેતી શિબીર દરમ્યાન તા. ૨૭ થી ૩૧ ઓગસ્ટ દરમ્યાન ભર્યુ હોય તો'** પુરું થવામાં જ હશે તો આપણું સાપ્તાહિક નિયમીત મેળવવા માટે આપનું લવાજમ રૂા. ૨૦૦/- પુનઃ ભરી દેવું જરૂરી છે. જે નીજકના ભા.કિ.સંઘના કાર્યકર્તા કે નીચેના સરનામે રૂા. ૨૦૦/- મની ઓર્ડર કરવાથી ભરી શકાશે. સંપર્ક માટે ફોન કાર્યાલય ૦૭૯-૨૩૨૨૪૯૧૬

**મનીષ પંચાલ**
**૯૯૦૯૦ ૦૦૨૧૪**

ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ
બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨/ડી, 'ઘ' રોડ, ગાંધીનગર.
**C/o કિસાન સંદેશ કાર્યાલય**

**નોંધ : સાપ્તાહિક માટે આપના લેખ / મંતવ્ય સૂચનો આવકાર્ય છે.** *-સંપાદક*


લોક હીતમ્ મમ્ કરણીયમ્

**શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ**

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી
રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭
હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય' —**

**'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'**
**'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'**

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**

• શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ • અનામતો : રૂા.૪.૨૩ કરોડ • થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
• ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ • ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ • નેટ એન.પી.એ. : 'શૂન્ય'
• સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**

• શૈક્ષણિક માર્ગદર્શન • કારકીર્દી માર્ગદર્શન • વ્યવસાયી માર્ગદર્શન,
• રાષ્ટ્રી તહેવારોની ઉજવણી • સભાસદ કલ્યાણ યોજના
• ગ્રામીણ વિકાસ પ્રકલ્પ • મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**

(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ.
(૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથાં જી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**

(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**

જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

**હરસુખભાઈ પંડ્યા** *ચેરમેન* — **નંદકિશોરભાઈ ગરાચ** *વાઈસ ચેરમેન* — **છગનભાઈ પેથાણી** *વાઈસ ચેરમેન*
**મનહરભાઈ સુચક** *મેનેજીંગ ડીરેક્ટર* — **નરેન્દ્રભાઈ ભુત** *જો. મેનેજીંગ ડીરેક્ટર* — **સમીરભાઈ જોષી** *જનરલ મેનેજર*

## જીએમ રાયડા અંગે ટૂંક સમયમાં સરકાર નિર્ણય જાહેર કરશે...

લાંબા સમયથી વિવાદમાં રહેલ જીએમ રાયડા બાબતે નજીકના ભવિષ્યમાં સરકાર દ્વારા કોઈ નિર્ણય જાહેર કરવામાં આવશે એવો સંકેત પર્યાવરણ મંત્રી હર્ષવર્દને આપ્યો છે. એક અંગ્રેજી સમાચારપત્રને આપેલા નિવેદનમાં હર્ષવર્ધને જણાવ્યુ હતું કે જીએમ રાયડાના સમર્થનમાં અને એના વિરોધમાં લોકોનો મંતવ્ય આવી રહ્યા છે. સરકાર તમામ પાસાઓનો અભ્યાસ કરીને નિર્ણય લેશે.



જીએમ રાયડાની શોધ દિલ્હી યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી છે. આ બિયારણને વેપારીક ધોરણે ઉત્પાદન કરવા માટે એક વર્ગ માંગ કરી રહ્યો છે. જ્યારે બીજા એક મોટા વર્ગ દ્વારા પર્યાવરણ, આરોગ્ય સહિતના મુદ્દે એનો વિરોધ થઈ રહ્યો છે. જીએમ રાયડાના કારણે ઉત્પાદક્તા વધશે અને ખેડૂતોની સાથે દેશના અર્થતંત્રને પણ ફાયદો થશે એવી દલીલ એક તરફ થઈ રહી છે. જ્યારે બીજી તરફ જમીન આરોગ્યની સાથે લોકોના આરોગ્ય સામે જીએમ રાયડાથી મોટો ખતરો ઉભો થશે એવી દલીલ થઈ રહી છે. ભારતમાં અત્યારે એકમાત્ર બીટી કપાસના જ જીએમ બિયારણની મંજુરી આપવામાં આવી છે. રાયડોએ ખાદ્ય વસ્તુ હોવાથી એના જીએમ બિયારણને મંજુરી આપવાની સામે વિરોધ સતત વધી રહ્યો છે.

## ઉત્તર પ્રદેશમાં દેવા માફી મુદ્દે ઘણાં ખેડૂતો સાથે મજાક

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે પોતાના વચન પ્રમાણએ ખેડૂતોના દેવા માફી મુદ્દે કામગીરી કરવાની શરૂઆત કરી દીધી છે. જોકે, ઘણાં ખેડૂતોને રૂ. ૧ થી લઈને રૂ. ૧૦૦ સુધીની દેવા માફી મળી છે અને એમાં પણ ઘમી જગ્યાએ જાહેર સમારોહ કરીને ખેડૂતોને આવી નાની રકમના ચેક આપવામાં આવી રહ્યા હોવાની વિગતો પણ સામે આવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રથમ ચરણમાં ઉત્તર પ્રદેશમાં ૧૧ લાખથી વધુ ખેડૂતોનું દેવુ માફ કર્યું છે. જેમાં ૩૪ હજાર જેટલા ખેડૂતોને રૂ. ૧૦ હજાર સુધીની દેવા માફી મળી છે. જ્યારે ૪૮૧૪ ખેડૂતો તો એવા જેમનું રૂ. ૧ થી લઈને રૂ. ૧૦૦ સુધીનું દેવુ માફ થયુ છે. આમ, આ ખેડૂતો માટે તો દેવા માફી એક મજાક સમાન જ બની રહી છે. ઉત્તર પ્રદેશમાં ગણા ખેડૂતો એવા છે કે જેઓ ઉપર રૂ. ૫૦ હજારથી વધુનું સરકારી દેવુ છે. જોકે, આવા ખેડૂતોનું પણ રૂ. ૧૦૦ જેટલુ દેવુ માફ થયુ છે. જ્યારે ઘણા કિસ્સામાં સરકારી અધિકારીઓ દ્વારા લાભ મેળવેલા ખેડૂતોનો આંકડો ઉંચો દર્શાવવા માટે પણ નાની રકમની રાહત ઉભી કરી હોવાની શક્યતા છે.

# સંક્ષિપ્ત સમાચાર

સૌજન્ય : એગ્રી સાયન્સ

## જુનાગઢ કૃષિ યુનિ. દ્વારા શિયાળુ પાકોના બિયારણનું વેચાણ

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઘઉં, જીરૂ, ચણા અને ધાણાના વિશ્વાસપાત્ર (ટુથફૂલ) બિયારણનું વેચાણ તા. ૨૦ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવ્યું છે. આગામી તા. ૩ ઓક્ટોબર સુધી જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતેથી આ બિયારણનું વેચાણ થશે. જેમાં ખેડૂતોને આ બિયારણ પર સબસીડી પણ મળવાપાત્ર છે. ઘઉંના બિયારણ ૪૦ કિલો બેગની કિંમત રૂ.



૧૦૪૦ અને સબસીડી સાથે રૂ. ૬૪૦ છે. જીરૂના ૨ કિસે બિયારણના બેગની કિંમત રૂ. ૪૭૦ અને સબસીડી સાથે રૂ. ૪૧૦ છે. ચણાના ૨૫ કિલો બિયારણની કિંમત રૂ. ૧૮૭૫ અને સબસીડી સાથે રૂ. ૧૨૫૦ છે. ધાણાના ૨ કિલો બિયારણની કિંમત રૂ. ૨૦૦ અને સબસીડી સાથે રૂ. ૧૫૦ છે.

ચણાના ફાઉન્ડેશન અને સર્ટીફાઈડ બિયારણની કિંમત રૂ. ૨૨૨૫ અને સબસીડી સાથે રૂ. ૧૬૦૦ છે. આ બિયારણ ખરીદવા માટે ફોન નં. ૦૨૮૫ ૨૬૭૫૦૭૦ પર સંપર્ક કરવો.

## બિહારમાં કરોડોના ખર્ચે બનેલ ડેમ ઉદ્દ્ઘાટન પહેલાં જ તુટ્યો

બિહારના ભાગલપુર પાસેના કહલગાંવમાં કરોડોના ખર્ચે તૈયાર થયેલ ડેમ ઉદ્દ્ઘાટન થાય એ પહેલાં જ તુટી ગયો હતો. બિહારના મુખ્યપ્રધાન નિતિશકુમાર બુધવારે આ ડેમનું ઉદ્દ્ઘાટન કરવાના હતા. જોકે, ઉદ્દ્ઘાટન થાય એ પહેલાં જ ડેમ તુટી જતા



કરોડોના કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદ ઉઠી છે. કહલગાંવમાં ગંગા પંપ નહેર યોજના હેઠળ આ ડેમ તૈયાર થયો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે ચાર દાયકાના લાંબા અંતરાળ બાદ આ ડેમ તૈયાર થયો હતો. આ ડેમના કારણે ૨૨૦૦ હેક્ટરથી વધુ જમીનમાં સિંચાઈ કરવાનું આયોજન હતું. જોકે, ટ્રાયલ દરમિયાન જ ડેમનો એક ભાગ તુટી જતા આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જોકે, ટ્રાયલ માટે ડેમમાં ઓછુ પાણી ભરાયુ હોવાથી કોઈ જાનહાની કે મોટી તારાજી સદનસીબે થઈ નહોતી.

## કૃષિ માટે રૂ. ૬૨૦૦૦ કરોડની ફાળવણી થશે : રાધામોહન સિંહ

વર્ષ ૨૦૧૭-૧૮ માટે કૃષિ ક્ષેત્ર માટે રૂ. ૬૨૩૭૬ કરોડની ફાળવણી નાણા મંત્રાલય દ્વારા કરવામાં આવશે એવુ કેન્દ્રિય કૃષિ મંત્રી રાધામોહન સિંહે જણાવ્યું છે. નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે રવી પાકો માટે યોજાયેલ કોન્ફરન્સમાં સંભોદન આપતા કેન્દ્રિય કૃષિ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્રે ૪ ટકાનો વિકાસદર મેળવી શકાશે.



કેન્દ્ર સરકારે ખેડૂતો માટે નેક યોજનાઓ અમલી કરી છે. જોકે, મોટાભાગની કૃષિ પેદાશોના ભાવ નીચે રહેતા ખેડૂતોને જોઈ એવો આર્થિક લાભ થયો નથી. સરકાર ટેકાના ભાવની જાહેરાત કરે છે પણ પુરતી ખરીદ વ્યવસ્થા ન હોવાથી ખેડૂતોને ટેકાના ભાવથી નીચી સપાટીએ જ વેચાણ કરવાનો વારો આવે છે.

## ગુજરાત માટે રૂ. ૯૨૩ કરોડનો પાક વીમો મંજુર : અમિત શાહ

ગુજરાતના ખેડૂતોનો રૂ. ૯૨૩ કરોડનો પાક વીમો મંજુર થયો હોવાનું ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે જણાવ્યું છે. ગાંધનગર ખાતે સોમવારે યોજાયેલ સહકાર સંમેલનમાં સંબોધન



આપતા અમિત શાહે જણાવ્યું હતુ કે વડાપ્રધાને ગુજરાતની મુલાકાત લીધી ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈએ પાક વીમા બાબતે ખેડૂતોની સમસ્યા જણાવી હતી. આથી વડાપ્રધાને દિલ્હી પહોંચીને પાક વીમા બાબતે ઝડપથી કાર્યવાહી કરાવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મંજુર થયેલ રકમ વર્ષ ૨૦૧૬ની ખરીફ સિઝનની છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે વધુમાં જણાવ્યું હતુ કે વર્ષ ૧૯૯૫માં ગુજરાતમાં શાકભાજીનું ઉત્પાદન ૨૧ લાખ મેટ્રીક ટન હતું. જે આજે વધીને ૧૨૧ લાખ ટન થયું છે. આ ઉપરાંત અનાજ, ફળ, કપાસ અને મગફળીનું ઉત્પાદન પણ ગુજરાતમાં નોંધપાત્ર વધ્યું હોવાનું તેઓએ જણાવ્યું હતું.

## ગુજરાતમાં ૯૮ ટકા વાવણી પૂર્ણ: ૮૪ લાખ હેક્ટરમાં વાવેતર

ગુજરાત સરકારના કૃષિ વિભાગે છેલ્લે જાહેર કરેલા આંકડા પ્રમાણે તા. ૧૧ સપ્ટેમ્બર સુધીમાં રાજ્યમાં ૯૮ ટકા ચોમાસુ વાવણી પૂર્ણ થઈ છે. રાજ્યમાં ૮૪.૨૪ લાખ હેક્ટર જમીનમાં વાવેતર પૂર્ણ થયુ છે. સામાન્ય રીતે રાજ્યમાં દર વર્ષે ૮૫ લાખ હેક્ટરથી વધુ જમીનમાં ચોમાસુ વાવણી થતી હોય છે. રાજ્ય સરકારના આંકડા પ્રમાણે



કપાસનું વાવેતર ગત વર્ષ કરતા ૧૧ ટકા વધીને ૨૬.૪૫ લાખ હેક્ટર થયુ છે. જ્યારે મગફળીનું વાવેતર ગત વર્ષ કરતાં સામાન્ય ઘટીને ૧૬.૬૧ લાખ હેક્ટર થયુ છે. જ્યારે કઠોળનું વાવેતર ગત વર્ષ કરતાં ૨૦ ટકા ઘટીને ૫.૬૦ લાખ હેક્ટર થયુ છે. જેમાં તુવેર અને અડદના વાવેતરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જ્યારે મગનું વાવેતર સામાન્ય વધ્યું છે. રાજ્યમાં ડાંગરનું ગત વર્ષ કરતાં સામાન્ય વધીને ૮ લાખ હેક્ટરને પાર પહોંચ્યું છે. જ્યારે બાજરી, જુવાર અને મકાઈનું વાવેતર પણ ગત વર્ષ કરતાં ઘટ્યું છે.





'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો

'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

# ૧૦ દીન માં ખેડૂતોની વીજ સમસ્યાનું નિવારણ નહીં આવે તો આંદોલન....



કુતિયાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી અવારનવાર વિજગુલ થતી હોવાના કારમે ખેડૂતો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ખેડૂતોએ પી.જી.વી.સી. એલ. વિભાગને અવારનવાર રજૂઆત કરવા છતાં કોઈ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. હાલ વરસાદ ખેંચાયો હોવાના કારણે મગફળીના પાકને પિયતની જરૂરીયાત ઉદ્‌ભવી છે. મગફળીના પાકમાં પાણીની જરૂરીયાત હોય અને વારંવાર વિજળી ગૂલ થતી હોય ત્યારે પાકમાં પિયત ન મળતા પાક નિષ્ફળ

## કુતિયાણાનાં ગ્રામ્ય વિસ્તારમાં અવારનવાર વિજગુલ થતા ખેડૂતો ત્રાહિમામ, આવેદન

જવાની દહેશત ઉદ્‌ભવી છે. આ બાબતે કિસાન સંઘના પ્રમુખ ગાંગાભાઈ વાઢેરએ પી.જી.વી.સી.એલ. વિભાગને આવેદનપત્ર પાઠવી ખેડૂતોના વિજપ્રશ્નોનું નિવારણ લાવવા રજૂઆત કરવામાં આવી હતી અને ૧૦ દિવસમાં ખેડૂતોની વિજસમસ્યાનું નિવારણ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છ.



જંબુસર તાલુકાના મંગણાદ ખાતે સેફ એનવાયરો કંપની સામે વિરોધ દર્શાવતો ૪૯ સરપંચો તથા ભારતીય કિસાન સંઘ જંબુસર તાલુકો, સહકારી મંડળીઓ, જંબુસરના પ્રતિષ્ઠિત નાગરીકો સ્થાનિક ગામોના ખેડૂતો હાજર રહી ઝહેરી પ્રદુષણ ફેલાવા માટે આવનાર આ કંપનીનો મોટા પાયે વિરોધ કરવા છતાં સરકારે મોટાપાયે ભ્રષ્ટાચાર આદરી પોલ્યુશન ક્લીયરન્સ આપી જંબુસર તાલુકાની જનતા સાથે મોટી છેતરપીંડી કરેલ છે. આ બાબતે જંબુસર તાલુકા નાયબ કલેક્ટરશ્રી આવેદન પત્ર પાઠવી સરકારનું ધ્યાન દોરી ઘટતુ કરવા રજુઆત કરી છે.

### ઐતિહાસિક સરદાર સરોવર (નર્મદા) બંધ પરથી...

અનુ. પાના ૧ નું ચાલુ...

ઋષિકુમારોએ સમગ્ર વાતાવરણ શંખનાદથી ભરી દીધુ હતું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ઉપસ્થિતિ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, કેન્દ્રીય મંત્રીશ્રી નીતીન ગડકરી, રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અને પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પણ નર્મદા મૈયાને શ્રીફળ અને ચૂંદડી અર્પણ કર્યા હતા.

સરદાર સરોવર (નર્મદા) મુખ્યબંધ પર નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પર્યાવરણ અને પૂનવર્સન સભ્યશ્રી ડૉ. જે.એન. સિંહ, નર્મદા નિગમના સંચાલક શ્રી નરેન્દ્રભાઈ રાવલ, વરિષ્ટઅધિકારીઓશ્રી કે.કૈલાશનાથન, મા નર્મદા મહોત્સવના કો.ઓર્ડીનેટર અને જી.એસ.એફ.સી.ના મેનેજીંગ ડીરેક્ટરશ્રી એ.એમ. તિવારી, શ્રી એમ.એસ. ડાગુર, સલાહકાર શ્રી બી. એન. નવલાવાલા, નર્મદા યોનજાના ઈજનેરો અને અધિકારીઓ પણ આ ઐતિહાસિક ઘડીના સાક્ષી બન્યા હતા.

### જમીન રી-સરવેની કામગીરી પૂરજોશમાં...

અનુ. પાના ૧ નું ચાલુ...

મહેસૂલ વિભાગનાં ઉચ્ચ અધિકારીશ્રીઓ આજે યોજાયેલી બેઠકમાં રી-સરવે ટુકડા એક્ટમાં પશ્ચાદ્વર્તી અસર, વારસાઈમાં સમયમર્યાદા વગર સરળીકરણ, ઈ-ધરાના પ્રશ્નો, જમીન સંપાદન ધારામાં જંત્રી મુજબ વળતર, કચ્છની જમીનના પ્રશ્નો વગેરે બાબતમાં આ બેઠકમાં હકારાત્મક ચર્ચા થઈ હતી. પડતર કેસો ઉકેલવા તમામ વિભાગોને પણ તાકિદ કરાશે તેમ પણ બેઠકમાં જણાવાયું હતું. કચ્છના વિશેષપ્શ્નો અંગે ગંભીરતાથી વિચારણા કરવા અનએ નખત્રાણા માર્ટેયાર્ડ અંગેની પ્રક્રિયા આખરી તબક્કામાં હોવાનું જણાવ્યું હતું. ઈ-ધરામાંથી ટેકનિકલ ભૂલો અને અન્ય મુદ્દા બાબતે પણ હકારાત્મક સરકાર દ્વારા સુધારણા કરવા અંગે પણ નિર્ણય લેવા બેઠકમાં સંમતિ સધાઈ હતી. જ્યારે વારસાઈમાં વડિલોપાર્જિત કે સ્વપાર્જિત જમીનોમાં કોઈપણ અવેજ વગર સીધી લીટીના વારસદારોને સમય કે વર્ષના બાધ વગર માત્ર રૂા. ૧૦૦/-ના સ્ટેમ્પથી કરવાની પ્રક્રિયા પણ આખરી તબક્કામાં હોવાની આ બેઠકમાં કિસાન સંઘના અગ્રણીઓને જાણ કરાઈ હતી. બેઠકમાં શ્રી હારીત શુકલા કમિશ્નર જમીન સુધારણા તથા શ્રી નલીનભાઈ ઠાકર સેટલમેન્ટ કમિશ્નર તથા ઉપસચિવ, નાયબ સચિવશ્રીઓ તથા ભા.કિ. સંઘમાંથી પ્રદેશ કોષાધ્યક્ષ રમણભાઈ પટેલ, કચ્છના પ્રદેશ પ્રતિનિધિ શ્રી વિઠ્ઠલભાઈ તથા લક્ષ્મણભાઈ સહિતના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

## દિવાળી વિશેષાંત અંગે

આત્મીયગ્રાહક મિત્રો,
મા. ચેરમેનશ્રી, સેવા સહકારી મંડળી,
દૂધ ઉ.સ. મં.લી. તમામ એજન્ટ મિત્રો અને કાર્યકર્તા બંધુઓ...

આપણા દિવાળી વિશેષાંકની જાહેરાત મેળવવાનું કામ ચાલુ છે. આપ સૌને નમ્ર નિવેદન છે કે આપણએ માત્ર દિવાળી અંક દ્વારા જ વિશેષ જાહેરાત લઈને આપણું સંદેશ વર્ષભર ચલાવીએ છીએ. તો આપ જે તાલુકા, સંસ્થા કે કોઈ વ્યવસાય સાથે સંકળાયેલા હશો ત્યાંથી શક્ય યથા શક્તિ જાહેરાત આપી - અપાવી સહયોગ આપો તેવી અપેક્ષા છે. જાહેરાત મેળવવા / આપવા માટેની વિશેષ વિગતો નીચે મુજબ છે. જે જાહેરાતો દિ. ૫-૧૦-૨૦૧૭ સુધી મળશે તે દિવાળી અંકમાં અને પછીથી દેવ દિવાળી અંકમાં સમાવેશ કરીશ શકાશે.

### જાહેર ખબરના દર

**મલ્ટી કલર જાહેરાત**

| | | |
|---|---|---|
| પહેલું પાનું આખું | (25 × 24 cm.) | રૂા. ૧૩,૦૦૦/- |
| છેલ્લુ પાનું આખું | (34 × 24 cm.) | રૂા. ૧૨,૦૦૦/- |
| છેલ્લુ પાનું અડધું | (17 × 24 cm.) | રૂા. ૬,૦૦૦/- |
| અંદરનું પાનું આખું | (34 × 24 cm.) | રૂા. ૯,૧૦૦/- |
| અંદરનું પાનું અડધું | (17 × 24 cm.) | રૂા. ૪,૬૦૦/- |
| અંદનું પાનું પા | (8.5 × 24 cm.) | રૂા. ૨,૩૦૦/- |

**સિંગલ કલર જાહેરાત**

| | | |
|---|---|---|
| પહેલું પાનું આખું | (25 × 24 cm.) | રૂા. ૧૧,૦૦૦/- |
| છેલ્લુ પાનું આખું | (34 × 24 cm.) | રૂા. ૧૦,૦૦૦/- |
| છેલ્લુ પાનું અડધું | (17 × 24 cm.) | રૂા. ૫,૦૦૦/- |
| અંદરનું પાનું આખું | (34 × 24 cm.) | રૂા. ૭,૧૦૦/- |
| અંદરનું પાનું અડધું | (17 × 24 cm.) | રૂા. ૩,૬૦૦/- |
| અંદનું પાનું પા | (8.5 × 24 cm.) | રૂા. ૧,૮૫૦/- |

શુભેચ્છા સંદેશ (સીંગલ કલર) રૂા. ૧૦૦૦/- તથા ૫૦૦/-
નોંધ :
(૧) કલર જાહેરાત માટે સોફ્ટ કોપી મોકલવાની રહેશે.
**(email : bksgujarat1985@gmail.com)**
(૨) જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ 'કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ' ના નામનો એડવાન્સમાં જાહેરાતની મેટર સાથે મોકલવાનો રહેશે.
(૩) જાહેરાત ગાંધીનગર મુખ્ય કાર્યાલય પર મોકલવી.
(૪) જાહેરાતની મેટર તા. ૫-૧૦-૨૦૧૭ સુધી અચૂક મોકલી આપવી.

**'બલરામ મંદિર પરિસર' સે.૧૨/ડી, ગાંધીનગર.**
**ફોન : ૨૩૨૨૪૯૧૬, સંપર્ક નં. મનીષ પંચાલ : ૯૯૦૯૦૦૦૨૧૪**

ભવદીય
બાબુભાઈ કે. પટેલ
સહ તંત્રી,
કિસાન સંદેશ સાપ્તાહિક
મો. : ૮૯૮૦૫૦૨૭૪૪



# આરોગ્ય દાતા દેશી ગાય

## ગૌસત્વના દિવ્ય પ્રયોગો

આ પ્રયોગો માત્ર દેશી ગાયના દૂધ, માખણષ ઘી, દહીં, ગૌમૂત્ર, ગોબરના જ છે. તજજ્ઞ વૈદ શ્રી પાંચાભાઈ દમણિયાના અભિપ્રાયથી આ પ્રયોગોના ચમત્કારિક પરિણામો અમે જાતે ચકાસ્યા છે.

**ખીરૂં :** ગાય વિવાય ત્યારે પ્રથમ વખતનું દૂધ (ખીરૂં - પીયૂષ) આ પૃથ્વી પરનો સૌથી શ્રેષ્ઠ પૌષક પદાર્થ છે. ખીરૂંમાં ઓજસ અને તેજસ વધારનાર સુવર્ણતત્વ ખૂબ વધુ પ્રમાણમાં હોય છે. ખીરૂં શરીરને તમામ પોષકતત્વો દ્વારા શ્રેષ્ઠ રોગપ્રતિકારક શક્તિ આપનાર અમૃત સંજીવની છે. ગાયના પ્રથમ વખતના દૂધને સંસ્કૃતમાં પીયૂષ (અમૃત) કહ્યું છે. તાજું ખીરૂં પીવું અને બાળકો - સગર્ભાને ખાસ પાવું. એ પીયૂષમાં સાકર ઉમેરી ગમર કરતાં તરત જ'બળી' (પિયુષી) બને છે. ગાયનું ખીરૂં પીને શ્રીકૃષ્ણ ૧૨૫ વર્ષ યુવાન સ્વરૂપે જીવી ગયા.

**ધારોષ્ણ દૂધ :** ગાય દોહી તરતના તાજા દૂધને ધારોષ્ણ કે શેડકઢું દૂધ કહ્યું છે. ધારોષ્ણ દૂધ પચવામાં સાવ સરળ અને અત્યંત પોષક પદાર્થ છે. ધારોષ્ણ દૂધ શીઘ્ર ઉતારી શીઘ્ર બળ આપે છે. ધારોષ્ણ દૂધ સવાર - સાંજ પીવાથી ૯૦ થી ૧૧૫ વર્ષ નીરોગી તંદુરસ્ત જીવનના દાખલા અણે ભારત અને કેન્યામાં જોયા અને જાણ્યા છે. ધારોષ્ણ દૂધમાં ગાયનું ઘી ઉમેરી નિત્ય પીવાથી શતાયુ ૧૦૦ વર્ષની નીરોગી જિંદગી પ્રાપ્ત થાય છે. ગોદોહન પછી ૩૦ મીનીટ સુધીનું દૂધ ધારોષ્ણ છે. એ પછી દોઢ કલાક સુધી તાજું દૂધ ગણાય છે.એ પછી દૂધને હંમેશા ગરમ કરીને ઉપયોગમાં લેવું આરોગ્યપ્રદ છે.

**છાસ :** સવારે ગાયની તાજી છાસ અમૃત સંજીવની છે. કફ - વાયુ વાળાએ છાસમાં સુંઠ - સિંધાલુણ અને પિત્ત વાળાએ ધાણાજીરૂં - સિંધાલુણ ઉમેરી પીવાથી છાસની ગુણવૃદ્ધિ થાય છે. વધારે પિત્તવાળાએ સાથે સાકર પણ ઉમેરવી. દહીંનું ધોળવું કે છાસમાં શેકેલી મેથીનો પાઉડર અને સાકર ઉમેરી પીવાથી ઝાડા તરત મટે છે.

**ગર્ભપોષણ :** સગર્ભા સ્ત્રી અને બાળક ધવડાવતી સ્ત્રીએ રોજ સવાર સાંજે ૨૦૦ ગ્રામ ગાયના દૂધ સાથે ૫ ગ્રામ શતાવરી પાવડર પીવાથી સગર્ભા અને બાળકને શ્રેષ્ઠ પોષણ મળે છે. માતા બાળકને પ્રાણશક્તિ મળે છે. દૂબળા શરીરવાળાનું શરીર પુષ્ટ થાય છે.

**સુવર્ણપ્રાસ યોગ :** બાળકનો જન્મ થાય કે તરત જ એક ટીપુ ગાયના ઘીમાં એક ટીપુ મધ મેળવી સોનાની સળી વડે બાળકની જીભ પર મુકી ચટાડવું. રોજ એક એક ટીપુ ઘી, મધ વધારતા જઈ ૩૦મા દિવસે ૩૦-૩૦ ટીપા ઘી, મધ ચટાવા એ સુવર્ણપ્રાસ સંસ્કાર છે. જેનાથી બાળરોગો સામે પ્રતિકારશક્તિ બાળકના શરીરમાં જ ઉત્પન્ન થાય છે. સુવર્ણપ્રાસ સંસ્કાર બાળક માટે સંજીવની રૂપ ગળથુથી છે.

**ચિરંજીવી બાળયોગ :** ધારોષ્ણ દૂધમાં ૩ થી ૫ ગ્રામ દેશી ગાયનું ઘી બાળકને પાવું અમૃત સમાન છે. જે પ્રાણશક્તિ એ શતાયુદાતા છે. હળદર, વાવડીંગ, માલકાંકણી, પીપરીમૂળ, સુંઠ અને ચિત્રક આ છ ઔષધ ૨૫-૨૫ ગ્રામ લઈ બારીક પાવડર કરી મિક્ષ કરવા. ૩ થી ૫ ગ્રામ આ ઔષધ દેશી ગાયના તાજા દૂધમાં ઉકાળી દૂધ ગાળ્યા વગર જ રોજ સવાર - સાંજ પાવાથી વાયુ, કબજીયાત કૃમી, પેટનો દુખાવો, કફ, શરદી - ઉધરસથી મુક્ત બાળક રહે છે. બાળકનો જઠરાગ્નિ સતેજ થાય છે, ને ઊંઘ સરસ આવે છે. માલકાંકણીથી બુદ્ધિ તેજસ્વિતા વધે છે. આ છ ઔષધયુક્ત દેશી ગાયનું દૂધ બાળકને માતાના ધાવણથી વિશેષ પોષક અને શ્રેષ્ઠ આરોગ્યદાતા છે. બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી આ દૂધ અચૂક પાવું જેનાથી બાળકને આજીવન શક્તિ, નીરોગિતા અને શતાયુ પ્રાપ્ત થશે.

**નિંદ્રાયોગ :** દેશી ગાયના ૧૫૦ થી ૨૦૦ ગ્રામ દૂધમાં ૫ ગ્રામ ગંઠોડા (પીપરીમૂળ) ૧ ગ્રામ જાયફળ, ૧૦ ગ્રામ ગાયનું ઘી અને ચપટી સાકર ઉમેરી ગરમ કરી રોજ રાત્રે સુતી વખતે પીવાથી સરસ નિંદ્રા આવે છે. પિત્ત, દાહ અને ગરમીના રોગો મટે છે. શરીર બળવાન થાય છે.

**નિંદ્રાયોગ :** દેશી ગાયના દૂધમાં ૫ થી ૭ ગ્રામ શંખપુષ્પી, ૩ થી ૫ ગ્રામ પીપરીમૂળ, ૧ ગ્રામ જાયફળનો બારીક પાવડર અને થોડી સાકર નાંખી દૂધ ઉકાળી સુતી વખતે હુંફાળુ પીવાથી અનિંદ્રાના રોગથી મુક્તિ મળે છે.

**બુદ્ધિ તેજસ્વિતા યોગ :** દેશી ગાયના ૧૦ લીટર દૂધમાં એક કિલો માલકાંકણીનો ભૂકો ઉણેરી દૂધને ગરમ કરી, ઠંડુ થયે દહીં જમાવવું. ૨૪ કલાક પછી દહીં વલોવી મલકાંકણી સહિત માખણ તારવી લેવું. એ માખણને ધીમા તાપે ગરમ કરી ઘી બનાવી કપડાથી ગાળીને સુરક્ષિત વાસણમાં ભરી લેવું. રોજ સવારે ૫ થી ૧૦ ગ્રામ ઘી, થોડી સાકરવાળું ગરમ કરેલું હુંફાળું દૂધ પીવાથી બુદ્ધિ ખૂબ તેજસ્વિ થાય છે. સગર્ભાને આ પ્રયોગથી બાળકનું મગજ ખૂબ તેજસ્વિ થાય છે.

**પ્રજ્ઞા બુદ્ધિયોગ અને ડાયાબિટીસ મુક્તિ :** દેશી ગાયને રોજ ૨ થી ૩ કિલો જવ ખવડાવવા. જેથી તેના ગોબરમાં ઘણી માત્રામાં જવના દાણા નીકળશે. તાજા ગોબરને ઝીણી જાળીની ચાળણીમાં નાંખી પાણીથી ધોવાથી ગોબર નીચથી નીકળી જશે અને ચાળણીમાં દાણા રહી જશે. એ દાણા બે ત્રણ વાર ચોખ્ખા પાણીથી ધોઈને ત્રણ - ચાર દિવસ તડકે સુકવવા. સંપૂર્ણ સુકાયેલા જવની રોટલી કે ભાખરી બનાવીને રોજ ખાવાથી ડાયાબિટીસ માટે છે. આ પ્રયોગથી માણસને પ્રજ્ઞાબુદ્ધિ થાય છે. આ પ્રયોગ ડાયાબિટીસ મુક્તિ અને પ્રજ્ઞાબુદ્ધિનો રામબાણ ઈલાજ છે.

**સ્ત્રીબીજ યોગ :** જે સ્ત્રીઓને બીજ ઉત્પન્ન ન થતું હોવાથી વંધ્યત્વ હોય તેણએ દેશી ગાયના દૂધમાં ૧ થી ૨ ગ્રામ શિવલિંગીના બીજ રોજ સવારે ખાલી પેટે લેવાથી સ્ત્રીબીજ ઉત્પન્ન થઈ ગર્ભધારણ શક્તિ પ્રાપ્ત થાય છે.

**બીલીપત્ર દૂધ :** દેશી ગાયનાં દૂધમાં બીલીના ૧૫ થી ૨૦ પાન ઉકાળી દૂધ હુંફાળું રહે ત્યારે ગાળી રોજ સવારે પીવાથી ઉત્તમ બળવૃદ્ધિ, ધાતુપૃષ્ટિ અને આરોગ્ય પ્રાપ્તિ થાય છે. પેટ આંતરડાના અનેક દોષો દૂર થઈ પાચનતંત્ર તંદુરસ્ત થાય છે.

પ્રાણવાયુ યોગ : દેશી ગાયનું ઘી, દેશી ગોળ અને સુંઠની ગોળી અતિ ઠંડી, પહાડ ઉપરનો વરસાદ કે પર્વતારોહણ વખતે લેવાથી શરીરની ગરમી જળવાય છે અને ઓક્સિજન ખેંચવામાં મદદ મળે છે. પહાડની છંડીમાં અને પાતળી હવામાં આ પ્રાણરક્ષક ગોળી છે.

# અમરેલીમાં સહકાર પંચોત્સવ બ્લુ રિવોલ્યુશન - સ્વિટ રિવોલ્યુશનથી ગ્રામીણ... અનુ. પાના ૮ નું ચાલુ

તેઓ જેવા દિલ્હી ગયા કે તુરંત અમરેલીને બ્રોડગેઈજ રેલ્વે લાઈન અને નેશનલ હાઈવે મળ્યા છે. દેશના લાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીશ્રી કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે સમારોહ સમારંભમાં આવી પહોંચતા જ ઉપસ્થિત વિશાળ મેદનીએ વડાપ્રધાનનું અદકેરું અભિવાદન કર્યુ હતું અને ઉત્સાહ અને ઉમંગથી આવકારેલ હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, વડાપ્રધાને સતત બીજા વર્ષે તેમનો જન્મ દિવસ ગુજરાતમાં વિકાસના કામોના લોકાર્પણ વચ્ચે ઉજવ્યો એ ગૌરવ પૂર્ણ બાબત છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સાડા છ કરોડ લોકોની લાગણીને માન આપીને ગુજરાતની જીવાદોરી નર્મદા પર સરદાર સરોવર ડેમનું લોકાર્પણ કર્યું છે. વર્ષોથી નર્મદા ડેમનું કામ આગળ વધતું ન હતું. અનેક વિઘ્ન છતાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દઢ ઈચ્છાશક્તિને લીધે નર્મદા ડેમના દરવાજાની મંજૂરી આપી અને આજે આ ડેમ દેશને સમર્પિત થતાં ગુજરાતમાં સમૃદ્ધિના દ્વાર ખૂલ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, સૌરાષ્ટ્રમાં હવે પાણીનો દુકાળ નહીં પડે અને છેલ્લા ૧૭ વર્ષના અથાગ પ્રયાસો બાદ હવે પાણી સર્વત્ર મળતું થશે અને અમરેલી સહિત સૌરાષ્ટ્રના ખેડૂતોનો ઉદ્ધાર થશે. મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતની જનતા વતી વડાપ્રધાનશ્રીને જન્મદિનની શુભકામના પાઠવી હતી. ગુજરાત સરકારે ખેડૂતો અને પશુપાલકોના કલ્યાણ માટે અનેક નિર્ણયો લીધા છે. અમરેલી ડેરીનું યોગદાન રાજ્યની શ્વેતક્રાંતિમાં મહત્વનું રહેશે. ગુજરાતમાં દૂધ - ઘીની નદીઓ વહે તે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સાથે સંકલન કરીને ભગીરથ પ્રયાસો કર્યા છે.

મધમાખી, મધ ઉછેર ક્ષેત્રે અમરેલીનું ભાવિ ઉજ્જવળ થશે તેવી અભિલાષા વ્યક્ત કરતા નાસ્કોબ અને ગુજકોમાસલના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં દૂધના માધ્યમથી રોજગારીની ઘણી મોટી તકો રહેલી છે. સહકારના માધ્યમથી ડેરી ઉભી કરવાનો શ્રેય અને ગૌરવ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને છે. તેઓ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી હતા ત્યારે તેમણએ ખૂબ જ સકારાત્મક અભિગમ સાથે પ્રોત્સાહન પૂરી પાડી મંજુરી આપી હતી.

સમારોહમાં આવતા પહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરેલ અને ૪૫ એકર જમીનમાં રૂા. ૧૨૫ કરોડના ખર્ચે આકાર પામેલ અદ્યતન માર્કેટ યાર્ડનું લોકાર્પણ કર્યુ હતું. બાદમાં અમર ડેરી ખાતેના નવા પ્લાન્ટનું લોકાર્પણ તેમજ આઈસ્ક્રીમ પ્લાન્ટ તથા મધ ઉછેર કેન્દ્રનું ભૂમિપૂજન પણ સંપન્ન કર્યું હતું.

વડાપ્રધાનશ્રી મોદીએ સમારોહ સ્થળ ખાતેથી રૂા. ૫૫૦.૧૭ લાખના ખર્ચે તૈયાર થયેલ ડેરી સાયન્સ કોલેજનું લોકાર્પણ અને રૂા. ૧૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ અકાળા - દુધાળા ગામ પાસે ૨૦૦ વિઘા જમીનમાં તૈયાર કરવામાં આવેલ તળાવનું કરવામાં આવેલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે સહકાર રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, મંત્રી સર્વશઅરી બાબુભાઈ બોખિરીયા, શ્રી ચીમનભાઈ સાપરિયા, શ્રી આત્મારામ પરમાર, શ્રી જયેશભાઈ રાદડીયા, શ્રી જયંતિભાઈ કવાડીયા, શ્રી વી.વી. વઘાસીયા, શ્રી જશાભાઈ બારડ, શ્રી નાનુભાઈ વાનાણી, સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, શ્રી રાજેશ ચુડાસમા, શ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી પૂનમબેન માડમ, ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી, સંસદીય સચિવશ્રી હિરાભાઈ સોલંકી, ધારાસભ્યશ્રી બાવકુભાઈ ઉંધાડ, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલીયા, માર્કેટયાર્ડના ચેરમેન શ્રી પી.પી. સોજીત્રા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી હિરેનભાઈ હિરપરા, અગ્રણીશ્રી સવજીભાઈ ધોળકીયા તથા અધિકારી - કર્મચારીશ્રીઓ, મહાનુભાવો તેમજ અમરેલી જિલ્લાના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

**● સહકાર, સરકાર અને સમાજના સંકલિત પ્રયાસોથી ખેડૂતોની આવક બમણી થશે ● ખેડૂતોને પ્રોત્સાહિત કરતા અમરેલીના સહકારી પ્રવૃતિતના નવા પ્રકલ્પોને રૂા. ૪૦૦ લાખની સહાય અપાશે. ● અમરેલી જિલ્લાનું સહકારી માળખુ અને અદ્યતન માર્કેટયાર્ડ ગુજરાતને નવી દિશા આપશે.**

## અમદાવાદ એરપોર્ટ ખાતે જાપાનના

# વડાપ્રધાન શ્રીયુત સીંજો આબે અને ફર્સ્ટ લેડી શ્રીમતી અકી આબેનું ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉષ્માભર્યું સ્વાગત...

ગુજરાતના બે દિવસના પ્રવાસે આવેલા જાપાનના વડાપ્રધાન શ્રીયુત શિન્ઝો આબે અને જાપાનના ફર્સ્ટ લેડી શ્રીમતી અકી આબેનું ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમદાવાદ એરપોર્ટ ખાતે ઉમળકાભેર ભવ્ય સ્વાગત કરાયું હતું. આગમન પ્રસંગે ભારતના વડાપ્રધાનશ્રીએ જાપાનના વડાપ્રધાનશ્રીને ઉષ્માભેર ભેટીને ભારત અને જાપાનના વર્ષો જૂના સંબંધોની સમગ્ર વિશ્વને પ્રતિતિ કરાવી હતી. વડાપ્રધાનશ્રી આબે અને શ્રીમતી અકી આબેના આગમન પ્રસંગે ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને મુખ્ય સચિવ શ્રી ડૉ. જે.એન. સિંધે ઉપસ્થિત રહીને ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ મહાનુભાવોના આગમન પ્રસંગે એરપોર્ટને વડનગરના કિર્તિતોરણ, બૌદ્ધ સંસ્કૃતિ, કચ્છની ભાતીગળ સંસ્કૃતિ દર્શાવતા ભવ્ય બેનરોથી શણગારવામાં આવ્યું હતું.





એરપોર્ટ ખાતે ગુજરાતના ભૂંગળ, શરણાઈ, કાઠિયાવાડી રાવણહથ્થો, ઢોલ અને ભાતીગળ છત્રીથી પરંપરાગત રીતે ભારત અને જાપાનના વડાપ્રધાનશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જાપાનના વડાપ્રધાન શ્રી શિન્ઝો આબે અને ફર્સ્ટ લેડી શ્રીમતી અકી આબેનું બૌદ્ધ સાધુઓ દ્વારા બૌદ્ધ પરંપરાગત રીતે સ્વાગત કરાયું હતું. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં જાપાનના વડાપ્રધાન શ્રી આબેના એરપોર્ટ ખાતે આગમન સમયે એરફોર્સ, આર્મી અને નેવીના જવાનો દ્વારા 'સેરેમોનીયલ ગાર્ડ ઑફ ઓનર' આપવામાં આવ્યું હતું. ભારતના ઈતિહાસમાં પહેલીવાર કોઈ દેશના વડાપ્રધાન રાજધાની દિલ્હીના બદલે સીધા જ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવ્યા છે અને ત્યાર બાદ તેઓ સીધા જ પોતાના સ્વદેશ પરત ફર્યા. આ મુલાકાત ગુજરાત અને ગુજરાતીઓ માટે ખૂબ જ ગૌરવ સમાન છે.

- **જાપાન અને ભારતના વડાપ્રધાનશ્રીની બે દિવસની મુલાકાત રાજ્યના વિકાસમાં નવીન કીર્તિમાન સ્થાપશે**
- **સેનાની ત્રણેય પાંખ દ્વારા જાપાનના વડાપ્રધાનશ્રીને ગાર્ડ ઓફ ઓનર અપાયું**

## સાપ્તાહિક સુવિચાર

**જીંદગી કેટલી સુંદર છે ? એ જોવા માટે બહુ દુર જવાની જરૂર નથી, એ તો આપણે જ્યાં - જ્યાં આંખો ખોલી લઈ, ત્યાં - ત્યાં જિંદગીની સુંદરતા જોવા મળશે.**

## GST મુદ્દે સમગ્ર ભરમાં ગુજરાત રાજ્યમાં તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ બેઠક યોજાયેલ તથા તમામ જીલ્લા કલેક્ટરને અપાયેલ આવેદન પત્ર તથા તસ્વીરો...



કચ્છ જીલ્લો



દેવભૂમિ દ્વારકા જીલ્લો



ડાંગ જીલ્લો

## ગુજરાતના કિસાનો માટે કેન્દ્ર સરકારનો વધુ એક હકારાત્મક નિર્ણય

# ખરીફ પાક-૨૦૧૬ અંતર્ગત કપાસ સિવાયના પાકો માટે પાક વીમાના રૂા. ૯૨૩ કરોડ મંજુર : કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરિયા

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમના જન્મ દિન નિમિત્તે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના - સરદાર સરોવર ડેમનું રાષ્ટ્રાર્પણ કરેલ તથા અમરેલી ખાતે ખેડૂતો માટે અત્યંત આધુનિક સુવિધાઓ પૂર્ણ એપીએમસી તથા અમર ડેરીનું પણ ઉદ્ઘાટન કરેલ. માનનીય વડાપ્રધાનશ્રીની મુલાકાત દરમ્યાન ખરીફ-૨૦૧૬ના પાક વીમા અંગે થયેલ ચર્ચા અન્વયે ગુજરાતના ખેડૂતોને મદદરૂપ થવા માનનીય વડાપ્રધાનની સૂચન અન્વયે વધુ એક હકારાત્મક નિર્ણય માત્ર ૨૪ કલાકના જ ગાળામાં ખેડૂતો માટે કર્યો છે. જે અંતર્ગત ખરીફ પાક ૨૦૧૬ હઠળ કપાસ સિવાયના પાકો માટે રૂા. ૯૨૩ કરોડના પાક વીમા મંજુર કરેલ છે.

રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયાએ ગઈ કાલે વડાપ્રધાનશઅરીની આ મુલાકાત વેળાએ ખરીફ પાક ૨૦૧૬ના પાકો માટે રાજયના ખેડૂતોના હિતને ધ્યાનમાં લઈને તેઓના પાકોમાં થયેલ નુકસાની સંદર્ભે મળવાપાત્ર પાક વીમાની રકમ તાત્કાલિક ફાળવવા વિનંતી કરી હતી જેના પરિણામે માત્ર ૨૪ કલાકમાં જ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કપાસ સિવાયના પાકો માટે રૂા. ૯૨૩ કરોડનો પાક વીમો મંજુર કરાવી દીધો છે. અને સંબંધિત એજન્સીઓને આ વીમાની રકમ સત્વરે ગુજરાતના ખેડૂતોને ચૂકવી દેવા સૂચનાઓ આપી દીધી છે.

આ માટે કેન્દ્રીય રાજ્ય કૃષિ મંત્રીશ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, કેન્દ્રીય રાજ્ય પરિવહન મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાના અથાગ પ્રયત્નો, પરિશ્રમ તેમજ માર્ગદર્શન હેઠળ કંપનીઓ પાસેથી વીમો મેળવવા માટે સતત માર્ગદર્શન અને ઝડપથી ખેડૂતોને આ વીમાની રકમ સત્વરે મળે તે માટે સહિયારા પ્રયાસો હાથ ધરાયા હતા જેના પરિણામ સ્વરૂપ કેન્દ્ર સરકાર દ્વારા વીમા કંપનીઓ પાસે આ મહત્વનો નિર્ણય કરાવડાવ્યો હતો.

## નેત્રંગ ખાતે શેરડીની ઓર્ગેનિક ખેતી અંગે સેમિનાર યોજાયો

આ કાર્યક્રમ સુગરના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલની અધ્યક્ષપણામાં યોજવામાં આવ્યો હતો. જેમાં નર્મદા સુગરને દિલ્હી ફેડરેશન તરફથી બેસ્ટ ફાઈનાન્સ એવોર્ડ મળેલ છે. જેમાં નર્મદા સુગરને અગાઉ દિલ્હી ફેડરેશન દ્વારા ૧૧ એવોર્ડ મળેલ છે. દેશની એકમાત્ર સુગર એ ઓર્ગેનિક શેરડી બનાવે છે. જેમાં ૧૦૦૦ થી ૫૦૦૦ એકર જેટલી શેરડી વાવેતર કરવામાં આવેલ છે. જેમાં રાસાયણિક ખાતર દવા વગરની ખાંડ એક માત્ર નર્મદા સુગર બનાવી છે. જેમાં નેત્રંગ - થવા અને ધારોલી વિસ્તારમાં ૮૦૦ થી ૯૦૦ સુગરના સભાસદો ઉમટી પડ્યા હતા. જેમાં નર્મદા સુગરના ચેરમેન ઘશ્યામભાઈ પટેલ, ભક્તિવલ્લભ સ્વામીજી, પરેશ વસાવા સહિત નેત્રંગમાં તમામ સભાસદોએ હાજરી આપી હતી. ઓર્ગેનિક શેરડી બાબતની સેમીનાર યોજવામાં આવ્યું હતું. જેમાં કિશોરસિહ વાસંદીયાએ તેમના ઉદબોધન કહ્યું હતું નેત્રંગ વિસ્તારમાં સિંચાઈ પાણી બાબનું ધ્યાન દોર્યું હતું.

# અમરેલીમાં સહકાર પંચોત્સવ બ્લુ રિવોલ્યુશન - સ્વિટ રિવોલ્યુશનથી ગ્રામીણ અર્થતંત્ર મજબૂત થશે, ખેડૂતો સમૃદ્ધ બનશે : વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી

***● નર્મદા મૈયાના પાણીથી અમરેલી સહિત સૌરાષ્ટ્રની ખેતીમનાં નવા પ્રાણ પુરાશે : મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ● અમરેલીમાં રૂા. ૧૨૫ કરોડના ખર્ચે નવનિર્મિત માર્કેટયાર્ડ સહિત રૂા. ૧૮૫ કરોડના વિકાસકામોનું લોકાર્પણ - શિલાન્યાસ કરતા વડાપ્રધાનશ્રી ● શ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન થયા બાદ અમરેલી જીલ્લામાં પ્રથમ વખત પધારતા લોકો દ્વારા અદકેરું સન્માન - સ્વયંભૂ અભૂતપૂર્વ ઉત્સાહ અને ઉમંગ***

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે મક્કમ છે. સમાજ, સહકાર અને સરકારના સંકલિત પ્રયત્નોથી આ શક્ય બનશે. આ માટે તેમણે મધમાખીની ખેતીને વ્યાપક રીતે પ્રચલિત બનાવી મધુક્રાંતિ સર્જવાનું નવતર આહ્વાન કર્યું છે. અમરેલી ખાતે સહકારી પ્રવૃત્તિને લગતા વિવિધ વિકાસ કામોના ભૂમિપૂજન અને લોકાર્પણ પ્રસંગે બોલતા વડાપ્રધાનશ્રી મોદીએ ઉમેર્યુ કે, ભારત દેશ શ્વેત ક્રાંતિ અને હરિત ક્રાંતિના તબક્કા જોવા છે. જેમાં કૃષિ અને કૃષિ કલ્યાણની વ્યાપક શરૂઆત થઈ હતી. હવે સરકાર વાદળી ક્રાંતિ એટલે સાગરકાંઠાનો બહુલક્ષીય વિકાસ. ગુજરાતના ૧૬૦૦ કિલોમિટર લાંબા સાગરતટ ઉપર આ ક્રાંતિની વિપૂલ માત્રામાં તકો રહેલી છે. આ માટે સરકાર બંદરો, પોર્ટ લેન્ડ અને કોસ્ટલ હૃદયોની માળખાગત સુવિધાઓ વધારી રહી છે. આટલું જ નહીં, મત્સ્યઉદ્યોગને પણ તેમાં આવરી લેવામાં આવ્યો છે.





હમે મધુક્રાંતિ લાવવી પડશે તેમ ભારપૂર્વક કહેતા શ્રી મોદીએ ઉમેર્યુ કે, ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ માટે તેમણએ ઓછી આવક આપતી જુની પદ્ધતિને છોડવી પડશે અને આધુનિક - વૈજ્ઞાનિક ઢબની ખેતી કરવી પડશે. એક મુખ્ય પાક સાથે ગૌણ પાકો લેવા પડશે.

ઉક્ત બાબતોનો ઉદાહરણ સહ સમજાવતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, ખેડૂતો પોતાની વાડી કે ખેતરના શેઢે વાડ રાખે છે તેના બદલે જો ટીમ્બર - ઈમારતી લાકડું વાવવામાં આવે તો અમુક વર્ષો પછી ખેડૂતોને મોટી આવક થઈ શકે છે. વળી આપણે જો વિદેશમાંથી લાકડાની આયાત કરીએ છીએ તે પણ ઓછી થશે. કેન્દ્ર સરકાર ઈમારતી લાકડુ વેચવામાં જંગલ વિભાગ તરફથી કોઈ કનડગત ન રહે તેવો કાયદો લાવવા વિચારી રહી છે. આ ઉપરાંત ખેડૂતો માટે કૃષિ સોલાર ખેતીની યોનજા અમલમાં છે. ખેડૂતો પોતાની વાડીએ સોલાર પમ્પ મુકશે તો તેનો વિજળીનો ખર્ચ બચશે. વડાપ્રધાનશ્રી મોદીએ સહકારી પ્રવૃત્તિના માધ્યમથી મધની ખેતી કરવાનું પ્રેરક સુચન કરતા જણાવ્યું કે, મધની ખેતી કરવાથી પણ ખેડૂતોને વર્ષે દહાડે રૂા. ૨ લાખની આવક થઈ શકે તેમ છે. વળી, તેના વિવિધ ઘરેલું ઉપયોગ થઈ શકે તેમ છે.

નર્મદા ડેમના લોકાર્પણ પ્રસંગનો ઉલ્લેખ કરી વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, પાણીમાં લોકકલ્યાણની તાકાત છે. પણ તેનો સદ્ઉપયોગ કરવો એ આપણી ફરજ છે. કૃષિમાં ટપક સિંચાઈનો ઉપયોગ કરવો જોઈે. દેશામાં જે સુક્ષ્મ સિંચાઈ થાય છે, તે પૈકી ૨૫ ટકા ગુજરાતમાં થાય છે જે સારી બાબત છે. હજુ તેનો વિસ્તાર વધારવો પડશે. કૃષિ પાકોનું મૂલ્યવર્ધન કરવાની હિમાયત કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, કૃષિ અને પશુપાલનમાં જો મૂલ્યવર્ધન કરવામાં આવે તો ખેડૂતોને વધુ આવક મળશે. સરકાર દ્વારા આગામી નવેમ્બર માસમાં વિદેશી કંપનીઓને ભારતમાં આમંત્રણ આપી કૃષિ પાકો - પશુ પાલનમાં મૂલ્ય વધવા અંગે ખેડૂતોને તાલીમબદ્ધ કરાશે. પશુપાલનમાં મહિલાઓ વધુ સાંકળી લેવામાં આવશે.

શ્રી મોદીએ જણાવ્યું કે, ખેડૂતોની સમૃદ્ધિ અને ગ્રામિણ અર્થતંત્રને ધબકતુ કરવા સરકાર મજબુતાઈથી આગળ વધી રહી છે. નવી કૃષિ વિમા યોજનાથી ખેડૂતોને ફાયદો થશે. વડાપ્રધાને અમરેલીને વર્ષોથી થતાં રહેતા અન્યાયનો ઉલ્લેખ કરી કહ્યું કે,

*અનુ. પાના ૬ પર*

# ભા. કિ. સંઘ, ગુ. પ્ર. દ્વારા સદ્સ્યતા અભિયાન-૨૦૧૮ અંગે બીજા તબક્કામાં વધુ ૪ ઝોન બેઠકો યોજાઈ...




ભા.કિ.સંઘ ગુ.પ્ર. દ્વારા સંપૂર્ણ ગુજરાતમાં આગામી વર્ષે સમગ્ર ભારતભરમાં યોજાનાર સંગઠનપર્વ નિમીત્તેની પૂર્વતૈયારીઓના ભાગરૂપે રાજ્યના તમામ આઠ ઝોનમાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ત્યારે ગત દિનાંક તા. ૧૨, ૧૩, ૧૪ ૧૫ સપ્ટેમ્બર એમ રોજ ઉક્ત ચારેય ઝોનની બેઠકો યોજવામાં આવી હતી જેમાં ઝોનમાંના પ્રદેશ કારોબારી અને પ્રદેશ પ્રતિનિધિઓના સભ્યશ્રીઓ તેમજ તમામ જીલ્લાના હોદ્દેદારો અને તાલુકાના પ્રમુખ, મંત્રી કોષાધ્યક્ષ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. બેઠકમાં આગામી સંગઠન પર્વ અંગેની કાર્ય યોજનાની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. અને તમામ જીલ્લાઓની એક સત્રમાં જીલ્લા સહ બેઠકો થઈ હતી તેમાં તમામ જીલ્લાએ પોતાના તમામ તાલુકાઓમાં અને વધુમાં વધુ કામો સુધી પહોંચવા સંકલ્પ કરી લક્ષ્યાંક નક્કી કર્યા હતા અને આ અંગે વિસ્તૃત આયોજન અંગે આગામી સમયમાં વિશેષ જીલ્લા બેઠકો નક્કી કરવામાં આવી હતી. જેમાં તાલુકા સહ પણ બધા જ ગામો / મંડળ / વિભાગો સુધી પહોંચવાની જવાબદારી સાથેના આયોજનની સૂક્ષ્મ વિચારણા હાથ ધરવામાં આવશે. એમ નક્કી થયુ હતું. બધી જ બેઠકોમાં સ્થાનિક પ્રશ્નો અંગેની સમીક્ષા પણ કરવામાં આવી હતી અને મામલતદારશ્રી - કલેક્ટરશ્રી સાથે કરવાની નિયમીત બેઠકો અંગેની જાણકારી મેળવાઈ હતી અનેક સમસ્યાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**● સરહદી ઝોનની બેઠક ડીસા ખાતે, મ.પૂર્વ ઝોનની બેઠક ગોધરા ખાતે, દ.ગુજરાત ઝોન-૨ની બેઠક - ઝઘડીયા (ભરૂચ) અને દ.ગુજરાત ઝોન-૧ની બેઠક વલસાડ ખાતે યોજાઈ. ●પ્રદેશ સંગઠનમંત્રી અશોકભાઈ, પ્રદેશ અધ્યક્ષ વિઠ્ઠલભાઈ દૂધાત્રા તથા મહામંત્રી બાબુભાઈ પટેલે ઉપસ્થિત રહી સંચાલન - માર્ગદર્શન કર્યું.**